**ફોજદારી કેસ નં. ૧૧૦૮૬/૨૦૨૦**

**<u>આંક–૧ નીચે હુકમ</u>**

ચાર્જશીટ વંચાણે લીધુ તથા વિ.એ.પી.પી.શ્રી.ને સાંભળ્યા.

નવસારી રૂરલ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૮૨૨૦૨૧૨૦૧૧૬૯ ના કામે પોલીસે તપાસ પુર્ણ કરી આરોપી વિરુધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ તેમજ ઈ.પી.કો.કલમ–૧૮૮ મુજબનું ચાર્જશીટ દાખલ કરેલ છે. આ ચાર્જશીટ દાખલ કરતા સમયે આક્ષેપાયેલ ગુનાનું સંજ્ઞાન (કોગ્નીઝન્સ) લેવા કોર્ટને સત્તા છે કે કેમ? તે કોર્ટે પ્રથમ જોવુ જોઈએ. જો આક્ષેપાયેલ ગુના સંદર્ભે કોર્ટે કોગ્નીઝન્સ લેવાની સત્તા હોય તો આક્ષેપાયેલ ગુના સંદર્ભે આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરી શકાય.પરંતુ જો કોર્ટને કોગ્નીઝન્સ લેવાની સત્તા ન હોય તો તે અંગે નોંધ લઈ સદરહુ ચાર્જશીટ ડિસપોઝઓફ કરવા હુકમ કરી શકાય.

આ કામે ઈ.પી.કો.કલમ–૧૮૮ના ગુનાના આક્ષેપો છે. જે સંદર્ભે સી.આર.પી.સી.કલમ ૧૯૫ ધ્યાને લેવાની જરૂર છે.

**જાહેર નોકરના કાનૂની અધિકારનો તિરસ્કાર, ન્યાય વિરુધ્ધના ગુના તથા પુરાવામાં આપેલા દસ્તાવેજો સંબંધી ગુનાઓ માટે ફોજદારી કાર્યવાહીઃ**

(૧) કોઈ પણ અદાલત–

(ક) (૧) ભારતીય દંડ સંહિતા (૧૮૬૦નો ૪૫મો) ની કલમ ૧૭૨થી ૧૮૮ (બંને સહિત) હેઠળ સજાપાત્ર કોઈ ગુન્હાનો અથવા

(૨) તેવા ગુન્હામાં મદદગારી કે તે કરવાની કોશિશ, અથવા

(૩) તેવા ગુન્હો કરવા માટેના કોઈ ગુન્નાહિત કાવતરાનો સંબંધિત જાહેર નોકર અથવા વહીવટી હેતુઓ માટે તે જેને આધીન હોય તેવા અન્ય કોઈ જાહેર નોકરની લેખિત ફરિયાદ સિવાય.

(ખ) (૧) ભારતીય દંડ સંહિતા (૧૮૬૦નો ૪૫મો) ની અન્ય નીચેની કલમો એટલે કે કલમ ૧૯૩ થી ૧૯૬ (બંને સહિત), ૧૯૯ , ૨૦૦ , ૨૦૫ થી ૨૧૧ (બંને સહિત) તથા ૨૨૮ પૈકી કોઈ કલમ હેઠળ સજાપાત્ર ગુનો કોઈ

અદાલતની કાર્યવાહીમાં અથવા સંબંધો થયાનું કહેવાતુ હોય ત્યારે તેવા ગુન્હાનો, અથવા

(૨) તે સંહિતાની કલમ ૪૬૩માં વર્ણવેલા અથવા કલમ ૪૭૧, કલમ ૪૭૫ કે કલમ ૪૭૬ હેઠળ સજાપાત્ર ગુનો જો કોઈ અદાલતની કાર્યવાહીમાં પુરાવામાં રજુ કરેલા કે આવેલા દસ્તાવેજના સંબંધમાં કર્યાનું કહેવાતુ હોય ત્યારે તેવા ગુનાનો અથવા

(૩) પેટા–ખંડ (૧) કે પેટા–ખંડ (૨)માં નિદિષ્ટ કરેલો કોઈ ગુન્હો કરવા માટેના ગુનાહિત કાવતરાનો અથવા ગુન્હાની કોશિશ કે મદદગારીનો (ગુન્હો હોય તો) તે અદાલતની અથવા આ અંગે તે અદાલત લેખિતમાં અધિકૃત કરે તેવા કોઈ અધિકારી અથવા તે જે અદાલતને આધીન હોય તે અદાલતની લેખિત ફરિયાદ સિવાય.

આમ, ઉપરોકત કાયદાની જોગવાઈ વંચાણે લઈએ તો ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૨ થી ૧૮૮ હેઠળના સજા પાત્ર કોઈ ગુના સંદર્ભે સંબધિત જાહેર નોકર અથવા વહીવટી હેતુ માટે તે જેને આધીન હોય તેવા અન્ય જાહેર નોકરની લેખિત ફરિયાદ સિવાય અદાલતને આ ગુનાનું સંજ્ઞાન લેવાની સત્તા નથી. આ સંદર્ભે ના.ગુ.હાઈકોર્ટે ગોર્વધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં જે ક્રિમીનલ પરચુરણ અરજી (ફોર કવોશીગ એન્ડ સેટેસાઈટ એફ.આઈ.આર/ઓર્ડર) નં.૨૪૬૩૨/૨૦૧૫,તા.૧૩/૦૪/૨૦૧૭ના ચુકાદામાં માનનીય ન્યાયમૂર્તિ શ્રી.જે.ડી.પારડીવાલા સાહેબે પ્રસ્થાપિત કરેલ છે કે,જયારે ઈ.પી.કો.કલમ ૧૭૨ થી ૧૮૮ હેઠળના કોઈ ગુનાના આક્ષેપો હોય ત્યારે જાહેર નોકર દ્રારા અથવા વહીવટી હેતુ માટે તે જેને આધીન હોય તેવા જાહેર નોકર દ્રારા કોર્ટમાં લેખિત ફરિયાદ કરવામાં આવેલ હોય તેવા સંજોગોમાં જ અદાલતે ગુનાનું સંજ્ઞાન લેવાની સત્તા મળેલ છે. વધુમાં આ કેસમાં ઘણા બધા વિવિધ ગુનાઓની પીટીશનો કલબ કરવામાં આવેલી જેમાં ઈ.પી.કો.કલમ ૧૭૨ થી ૧૮૮ સહિત અન્ય ગુનાના આક્ષેપો પણ સાથે કરવામા આવેલા હતા. જેવા કે ઈ.પી.કો.કલમ–૧૪૧, ૧૪૩,૩૩૨,૩૫૩,૫૦૪,૫૦૬(૨)વગેરે પ્રકારના ગુનાઓના આક્ષેપો કરવામાં આવેલા તેવા સંજોગોમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૨ થી ૧૮૮ મુજબના ગુનાની કોગ્નીઝન્સ લેવાની સત્તા ન હોય તો અન્ય ગુના સંદર્ભે અદાલત કોગ્નીઝન્સ લઈ આરોપી વિરુધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરી શકે ? તે મુદ્દા સંદર્ભે પણ તમામ પક્ષકારોને સાંભળી તેમજ ના.સુ.કોર્ટ તેમજ હા.કોર્ટના ચુકાદાઓ

વંચાણે લઈ  ના.ગુ.હાઈકોર્ટે ઠરાવેલ છે કે, જયારે આક્ષેપાયેલ ગુનાઓ પૈકીના એક કે એક કરતા વધારે અથવા તમામ ગુનાઓ સેપરેટ યાને કે અલગ અલગ ન હોય અને એક જ બનાવ સંદર્ભે ઉભા થયેલ હોય તો તેવા સંજોગોમાં તેવા તમામ ગુનાના સંદર્ભે સી.આર.પી.સી.૧૯૫ અન્વયે જાહેર નોકર દ્વારા અથવા તો વહીવટી હેતુ માટે જે તેને આધીન હોય તેવા જાહેર નોકરની લેખિત ફરિયાદ સિવાય તેવા તમામ ગુનાઓ માટે અદાલતને સંજ્ઞાન લેવાની સત્તા નથી.

આમ, આ ચાર્જશીટના કામે ઈ.પી.કો.કલમ ૧૮૮ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબના આક્ષેપો કરવામાં આવેલા છે. જે ઉપર ચર્ચા કર્યા મુજબ અત્રેની કોર્ટને આ બંને ગુનાઓ માટે જયાં સુધી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૯૫માં જણાવેલ અધિકારી દ્વારા લેખિત ફરિયાદ આપવામાં ન આવે ત્યાં સુધી આ ગુનાનું સંજ્ઞાન લેવાની સત્તા કોર્ટને નથી. હાલના કામે આવી કોઈ લેખિત ફરિયાદ કોર્ટને આપવામાં આવેલ નથી અને પોલીસ એફ.આઈ.આર.રજીસ્ટર કરી ચાર્જશીટ કરેલ છે તેથી ઉપરોકત ચર્ચા ઘ્યાને લેતા અત્રેની કોર્ટને આ ચાર્જશીટમાં આક્ષેપાયેલ ગુના સંબધી સંજ્ઞાન લેવાની સત્તા ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:હુકમ:**

આ ગુનાના કામે કરવામાં આવેલુ ચાર્જશીટ સંદર્ભે કોર્ટને સંજ્ઞાન લેવાની સત્તા ન હોય આ ચાર્જશીટ ફાઈલે કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.રજી માહે ડિસેમ્બર સને ૨૦૨૦ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૨/૧૨/૨૦૨૦
સ્થળ : નવસારી

(મહંમદ ઈરફાન અબ્દુલરઝાકભાઈ શેખ)
ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
નવસારી.
જીજે ૦૦૮૯૨